सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૪/૦૬/૨૦૨૬. | | |
| ફેસલ તારીખ | ૧૫/૦૬/૨૦૨૬. | | |
| અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૧ |

# જામનગરનાં સેશન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

ફોજદારી પરચુરણ અરજી નં.૭૩૨/૨૦૨૬.

આંક-૧૦.

**ભુવાનસીંગ સ./ઓ. રાયસીંગ વસુનીયા,**
ઉ.વ. ૩૭, ધંધો : મજુરી,
રહે.મુળ ગામ પીપલવા, તા.કુકશી,
થાના ટાંડા, જી.ધાર, મધ્યપ્રદેશ.
હાલ : જીલ્લા જેલ, જામનગર. :: અરજદાર.

**વિરુદ્ધ**

**શ્રી સરકાર,**
થ્રુ : જીલ્લા સરકારી વકીલશ્રી,
જામનગર. :: સામાવાળા.

બાબત : બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.

અરજદાર તરફે વિ.વ. શ્રી આર.ડી. ગોસાઇ.
સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી.

-:: **ચુકાદો** ::-

**૧.** અરજદારે બી.એન.એસ.એસ. કલમ-૪૮૨ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલી છે.

**૨.** અરજદારની અરજીની ટૂંકમા વિગત એવી છે કે, પંચકોષી-બી ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગર, ગુ.ર. નં.૧૧૨૦૨૦૪૬૨૧૦૧૧૨/૨૦૨૧, ઈ.પી. કોડ કલમ-૩૪૨, ૩૯૫, ૩૯૭, ૪૧૨, ૪૪૭, ૫૦૬(૨) તથા જી.પી. એકટ કલમ-૧૩૫(૧) મુજબનાં ગુન્હાનાં કામે અરજદાર જયુડિશિયલ કસ્ટડીમા હોવાથી જામીન ઉપર મુકત થવા માટે બી.એન. એસ.એસ. કલમ-૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામા આવેલી છે.

**૩.** અરજી દાખલ થતાં સરકારશ્રીને નોટીસ કરવામા આવતા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી હાજર થયેલા છે.

**૪.** અરજદારનાં વિ.વ.શ્રીની મુખ્યત્વે રજુઆત છે કે, આ કામનાં સહ આરોપી ઓને અગાઉ જામીન મુકત કરવામા આવેલા છે અને સહઆરોપી વિરુદ્ધ અને હાલનાં અરજદાર વિરુદ્ધનું પણ ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે, તેથી પુરાવા સાથે ચેડા થવાનો કોઇ પ્રશ્ન નથી. અરજદાર ઉપરોકત જણાવેલ સરનામે કાયમી વસવાટ કરે છે. તેથી, કયાંય નાશી, ભાગી જાય તેમ નથી. તેથી, તેઓને જામીન ઉપર મુકત કરવા અરજ કરવામા આવેલી છે.

**૫.** વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદીએ મુખ્યત્વે દલીલ કરેલી છે કે, આ કામનાં હજુ એક આરોપી નાસતા ફરતા રહેલ છે, જેને અટક કરવાનાં બાકી છે. અરજદાર રાજય બહારનાં રહેવાસી હોવાથી જામીન મુકત કરવામા આવશે તો, તેનો મુદતનાં રોજ હાજર રહેશે નહીં. અરજદાર ગુન્હો દાખલ થયા બાદ ઘણાં સમય સુધી નાસતા ફરતા રહેલા છે, તેથી તેઓને જામીન મુકત કરવામા આવશે તો, નાશી, ભાગી જશે તેવી શકયતા પણ નકારી શકાય તેમ નથી. તેથી, હાલની જામીન અરજી રદ કરવા અરજ કરેલી છે.

૬. બંને પક્ષકારોનાં વિ.વ.શ્રીઓની રજુઆતો સાંભળી તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ વંચાણે લીધુ.

૭. સૌપ્રથમ આ ગુન્હાનાં કામે આરોપીઓ વિરુદ્ધનાં આક્ષેપિત ગુન્હાની ટૂંક મા હકીકત ધ્યાને લેવામા આવે તો, આરોપીઓએ પૂર્વ આયોજીત કાવતરૂ રચી, રાત્રિનાં સમયે ફરીયાદીની વાડીમા આવી, લાકડાનાં ધોકા ધારણ કરી, તેનાથી સાહેદોને માર મારી, મોઢે મુંગો આપી, સાહેદોને મારી નાખવા ની ધમકી આપી, બીક બતાવી, અરજદાર તથા સહઆરોપીએ લાકડાનાં કબાટમા રાખેલ રોકડ રૂા.૧,૫૦,૦૦૦/- તથા સોનાનાં દાગીના કિંમત રૂા.૫,૬૦,૦૦૦/-, મોબાઈલ ફોન મળી કુલ રૂા.૮,૬૨,૦૦૦/- ની ધાડ પાડી, તમામને રુમમા પુરી, બહારથી બંધ કરી, ફરીયાદીની કારની ચાવી અરજદારે લઇ, ફરીયાદીની કાર ચલાવી, નાશી જઇ, કાર પાવાગઢ નજીક મુકી દઇ, રોકડ રૂપિયા સરખા ભાગે વહેંચી, અમુક સોનાના દાગીના પોતાનાં વતન ટાંકા ગામે વેંચી દઇ, મળેલ પૈસા સરખા ભાગે વેંચી, બાકી નાં સોનાના દાગીના અરજદારે અને સહ આરોપી કરમે પોતાની પાસે રાખી લીધેલ હોવાનાં આક્ષેપ છે.

૮. ઉલ્લેખનીય છે કે, અગાઉ જે આરોપીઓ સામે ચાર્જશીટ થયેલ છે અને ફો.કે. નં.૪૪૧૮/૨૦૨૧ નો કેસ કમીટ થયેલ નથી. તે આરોપીઓ પણ મધ્યપ્રદેશના વતની છે અને તેઓ હાજર રહેતા નથી, તેથી હાલના આરોપી પણ ટ્રાયલ દરમિયાન હાજર રહેશે નહીં તેવી ધારણા થઇ શકે છે. પરંતુ અન્ય આરોપીઓ સહકાર નહીં આપતા હોવાથી હાલના આરોપી પણ સરકાર નહીં જ આપે તેવું અનુમાન થઇ શકે નહીં. પરંતુ અરજદાર સામે લોકલ જામીન તથા સદ્ધર જામીન તેવી કડક શરતો મુકી શકાય.

૯. આ કામનાં અરજદાર મુળ મધ્યપ્રદેશનાં કાયમી વતની છે તેવી હકીકત જોતા તેઓ કયાંય નાશી, ભાગી જાય તેમ નથી અને તેઓની ટ્રાયલનાં

તબકકે હાજરી સુનિશ્ચિત બની રહેશે તેમ જણાઇ આવે છે. આ કામનું ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે. તેથી, પુરાવા સાથે ચેડા થવાનો કોઇ પ્રશ્ન નથી. આવા સંજોગોમા અરજદારને જામીન મુકિતનો લાભ આપવો ન્યાયોચીત જણાઇ આવે છે.

**૧૦.** અરજદાર વિરુદ્ધનાં આક્ષેપીત ગુન્હાઓ જોતા ગુન્હાની ટ્રાયલ ચાલતા લાંબો સમય જશે તે એક સ્વાભાવિક બાબત જણાય છે. વળી, આ કામનાં સહ આરોપીઓને અગાઉ જામીન મુકત કરવામા આવેલા છે. તેથી પણ અરજદારને જયુડિશિયલ કસ્ટડીમા રાખવાથી કાયદાનો કોઇ ચોકકસ હેતુ બર આવે તેમ જણાઇ આવતુ નથી.

**૧૧.** અરજદાર વિરુદ્ધનો આક્ષેપિત ગુન્હો, ગુન્હાની ગંભીરતા, ગુન્હા સબંધે સજાની જોગવાઇ, ગુન્હા સબંધેની ભૂમિકા જેવા મુદાઓને ધ્યાને લેતા તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટનાં (૨૦૨૧)૧૦ એસ.સી.સી. ૭૭૩, સત્યેન્દ્ર કુમાર અન્ટીલ વિરૂધ્ધ સી.બી.આઇ.**નાં ચુકાદામા નામદાર સર્વોચ્ચ અદાલતે ઘણા બધા નામદાર સુપ્રિમ કોર્ટનાં તથા નામદાર હાઇકોર્ટોનાં ચુકાદાઓ ધ્યાને લઇ નોંધેલ છે કે, જામીન આપવાનો આશય આરોપીઓ ટ્રાયલ વખતે હાજર રહેશે તે જોવાનો છે. જામીન અંગેનાં હુકમો શિક્ષાત્મક હોતા નથી અને વ્યકિતગત સ્વતંત્રતાને છીનવી લેવામા આવે તે પણ એક સજા છે. આરોપી જયાં સુધી કસુરવાર ના ઠરે ત્યાં સુધી નિર્દોષ માનવો જોઇએ તેવો કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે.

**૧૨.** ઉપરોકત તમામ સંજોગોમા અરજદારને કડક શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા ન્યાયોચીત જણાઇ આવે છે. તેથી, ન્યાયનાં હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## -:: <u>હુકમ</u> ::-

૧. અરજદારની જામીન અરજી નીચેની શરતોને મંજુર કરવામા આવે છે.

## -:: <u>શરતો</u> ::-

૧. અરજદારે રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રુપિયા એક લાખ પુરા) નાં લોકલ જામીન તથા રૂા.૧,૧૦,૦૦૦/- નાં એક અન્ય સદ્ધર જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા આપવાનાં રહેશે. જો જામીન ન આપી શકે તો રોકડા રૂા.૨,૧૦,૦૦૦/-(અંકે રુપિયા બે લાખ દસ હજાર પુરા) જમા કરાવી શકશે.

૨. અરજદાર જયાં રહેવાનાં હોય ત્યાંનું નવુ સરનામુ અને મોબાઈલ નંબર જામીન આપતી વખતે રજુ કરવાનાં રહેશે અને આ સરનામુ તથા મોબાઈલ નંબર વિ.ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર બદલી શકાશે નહીં.

૩. અરજદાર નાશી, ભાગી જશે નહીં, ટ્રાયલ વખતે નિયમિત હાજર રહેશે, પુરતો સાથ સહકાર આપશે અને કોઇ સંજોગોમા તેઓ કોર્ટ સમક્ષ હાજર ના રહી શકે તો, આરોપીની ગેરહાજરીમા વકિલશ્રીને કેસ ચલાવવાની સત્તા આપશે.

૪. અરજદાર પ્રત્યક્ષ કે પરોક્ષરીતે કોઇ ધાકધમકી આપી અથવા તો, પ્રલોભન આપી અથવા તો, કોઈપણરીતે ફરીયાદ પક્ષનાં સાહેદો ને ફોડવાનો પ્રયત્ન કરવો નહીં કે પોલીસને તથા કોર્ટને ખરી હકીકત જણાવશે રોકશે, રોકાવશે નહીં.

૫. ટ્રાયલ પૂર્ણ થતાં સુધી અરજદારે વિ.ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

૬. આ કામની ટ્રાયલ શરૂ થાય ત્યાં સુધી અરજદારે દર અંગ્રેજી માસ ની પહેલીથી ત્રિજી તારીખ સુધીમા સબંધીત પોલીસ સ્ટેશનમા નિયમિત હાજરી પુરાવવાની રહેશે.

૭. અરજદારે આવા કે અન્ય પ્રકારનાં ગુન્હા ભવિષ્યમા આચરવા નહીં.

૮. અરજદાર પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે અને જો, પાસપોર્ટ ધરાવતા ના હોય તો, તે અંગેનું જરૂરી સોગંદનામુ કરવાનું રહેશે.

૯. અરજદારે પોતાની ઓળખ અંગેનાં, હાલનાં તેમજ કાયમી સરનામા અંગેનાં દસ્તાવેજી પુરાવા જામીન આપતી વખતે રજુ કરવાનાં રહેશે તથા ઈન્સાફી કાર્યવાહી ચલાવનાર અદાલતની પૂર્વ મંજૂરી સિવાય સરનામુ બદલી શકાશે નહીં.

**૨. ઉપરોકત કોઈપણ શરતોનો ભંગ કરવામા આવશે કે અરજદાર વિરુદ્ધ હવે પછી કોઇ ગુન્હો દાખલ થાય તો, સરકારશ્રી અરજદારનાં જામીન રદ કરવા માટે અરજી કરી શકશે.**

**૩.** જામીન સબંધીત કોર્ટમા આપવાના રહેશે અને તે અંગેની જરૂરી યાદી સબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

આ ચુકાદો આજરોજ તા.૧૫[મી] જુન, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલત મા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૧૫/૬/૨૦૨૬.
વી.વી. જોટાણીયા.

(**નેહલકુમાર રાજેશભાઈ જોષી**)
સેશન્સ જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર